| 3. | 19 મા સૈકાના સંદર્ભમાં સૌરાષ્ટ્રનાં સમાચારપત્રોની સામાયિક પ્રવૃત્તિ |
|---|---|

## પ્રસ્તાવના

એ વાત સર્વસિકૃત ગણાય છે કે ,સામચાર પત્રો, સામયિકો, પત્રિકાઓ કોઈ પણ રાષ્ટ્રની પ્રગતિ અને ઉન્નતિમાં અગ્રીમ ભૂમિકા ભજવતાં હોય છે. રાષ્ટ્રને રાહ ચિંધનાર અને પ્રજાને ઉજાગર કરનારા સમાચારપત્રો કે સામયિકો કોઈપણ રાષ્ટ્રના પાયાના પથ્થર સમાન છે. આ દ્રષ્ટિએ સમાચારપત્રો ઉપર મોટી જવાબદારી હોય છે. અને તેને આ જવાબદારીઓનું તટસ્થપણે પણ પાલન કરવું પડતું હોય છે. વાસ્તવમાં સાચી દિશા તરફ જનારું પ્રગતિસૂચક અને યોગ્ય રાહ તરફ જનારું માર્ગદર્શક પત્રકારત્વ જ દેશને ઉન્નત્ત શિખરે પહોંચાડતું હોય છે.

19મી અને 20મી સદીના સૌરાષ્ટ્રનાં વર્તમાનપત્રોએ કેટલાક અંશે પોતાની મર્યાદાઓ સમજી સૌરાષ્ટ્રની પ્રજામાં ચોક્કસ જગ્યા બનાવી હતી. આ સમયનાં સમાચારપત્રો કે સામયિકો મુખ્યત્વે સંસાર સુધારા, સમાજ સુધારા, ધર્મ સુધારા, શિક્ષણ વગેરે બાબતો પરત્વે જોડાયેલા હતા. વળી, તે સમયની રાજકીય પરિસ્થિતિ પણ મોટેભાગે આ માટે જવાબદાર હતી કારણ કે મોટાભાગનાં વર્તમનપત્રો કે સામયિકો જે-તે રાજ્યની સહાય થી ચાલુ થયા હતા. સૌરાષ્ટ્રના વર્તમનપત્રો નો આ આરંભિક કાળ હતો અને સૌરાષ્ટ્રનું પત્રકારત્વ સમયાંતરે સામાજિક સુધારણાની સાથે સાથે તત્કાલીન અસામાન અને અન્યાયી રાજકીય વાતાવરણ તરફ પ્રજાનું લક્ષ્ય ખેંચવા લાગ્યું. એ સમયે સૌરાષ્ટ્ર અનેક નાના-મોટા રજવાડાઓમાં વહેચાયેલું હતું અને રાજાશાહી, ગિરાસદારી, તાલુકદારી ચુસ્તપણે અમલી હતી. આ સમયે રાજા કે રાજય વિષયક કંઈક લખવું ગુનો ગણાતો. પરંતુ 20મી સદીના પ્રારંભ બાદ સૌરાષ્ટ્રના વર્તમાનપત્રોમાં રાજકીય માહોલની ચર્ચા થવા લાગી તથા રાજા અને રાજય વિષયક બાબતો પર લખાવા લાગ્યું.

આદિકાળ થી માનવ ભટકતું જીવન જીવતો આવ્યો છે.પણ ધીરે ધીરે તેનામાં સમજ આવતા તે એક બીજાની નજીક આવતો ગયો. તેનામાં જીજ્ઞાસાવૃત્તિ રહેલી છે.આથી તે ભટકતા જીવનમાંથી સમૂહમાં રેહતો થયો. ત્યારબાદ તેનામાં સમજ આવતાં તે સંકેતો તથા ચિન્હો દ્વારા પ્રત્યાયન કરતો થયો. ધીરે ધીરે માનવી નદીના કિનારે નાના- નાના કસબાઓ રચીને રહેતો થયો ત્યાં સ્થાઈ થયા બાદ કદાચ ધીરે ધીરે તે લિપિઓ તથા બોલચાલની ભાષા શૈલીનો ઉપયોગ કરતો થયો ત્યારથી થોડા ઘણા પ્રમાણમાં સારી રીતે પ્રયત્નો કરતો થયો હશે. બોલચાલની ભાષામાંથી લેખિતભાષા

વિકસી અને લેખનયુગ શરૂ થયો. આમ, શરૂ શરૂમાં પોતાની લેખનશૈલી પોતાના રહેઠાણોની આસપાસ સિમિત હશે. જેમ તે બીજાઓના રહેઠાણોના સંપર્કમાં આવતો ગયો તેમ તેની બોલચાલ ની તથા લેખનશૈલીમાં બદલાવ આવતો ગયો. તેમજ યોગ્ય શબ્દનો ઉપયોગ થવાને લીધેજ સારી રીતે પ્રત્યાયન શક્ય બને છે.

ભારતનાં પુરાણો અને શાસ્ત્રોમાં વારંવાર જેમનો ઉલ્લેખ સૌ કોઈનું ધ્યાન દોરે છે તે જગતના પેહલા પત્રકાર નારદઋષિને માનવામાં આવે છે. તેઓ દેવલોક, પૃથ્વીલોક અને પાતાળ લોકના સમાચારોનું આદાન પ્રદાન કરતા તથા ધૃતરાષ્ટ્ર સમક્ષ મહાભારતના યુદ્ધનો આંખે દેખ્યો એહવાલ પેશ કરતા સંજય ને ધ્યાનમાં લઇએ તો, આ બંનેને ભારતીય પત્રકારોના પુરોગામી ગણવા પડે. લગભગ પાંચ હાજર વર્ષ પેહલા બોલચાલની ભાષામાંથી લેખિત ભાષા વિકસી અને લેખનયુગ શરૂ થયો. એ સમયે ધાર્મિક જ્ઞાન અને રાજય આજ્ઞાઓને પથ્થર જેવા સુલભ અને ટકાઉ સાધન પર કોતરવામાં આવતી અને પછીના સમયમાં લખવામાં આવતી. રાજાઓના શાસનકાળમાં જોઈએ તો, ભારતમાં સમ્રાટ અશોકે કલિંગના યુદ્ધ પછી બૌધ્ધ ધર્મ અંગીકાર કરીને પોતની નવી રાજય આજ્ઞાઓના શિલાલેખો દ્વારા લોકો સમક્ષ મૂકી હતી. લોકો સુધી પહોંચાડવાના સંદેશાઓ મંદિર જેવા જાહેર સ્થળોએ ચિતરવામાં આવતા. તથા કોઈ સમાચાર આપવા માટે ઢોલ-નગારા વગાડીને લોકોને એકઠા કરીને રાજાઓના સંદેશાઓ સાંભળવામાં આવતા. તેવી રીતે એક રજવાડામાંથી બીજા રજવાડાઓ સુધી વિશ્વાસુ રાજદૂતો દ્વારા સંદેશાઓ મોકલવામાં આવતા.સમયાંતરે આ પદ્ધતિઓમાં સમયાનુસાર પરિવર્તન આવતું ગયું.

સલ્તનત તેમજ મુઘલ શાસનકાળ દરમ્યાન રાજયના મહત્વના  સમાચારો, હૂકમો, સૂચનો અને માહિતિનું આદાન પ્રદાન કરવા આગવી વ્યવસ્થા ગોઠવામાં આવી હતી. તેના ગુપ્તચરો, ખુફીયાનવીસો, કહેવાતા અને આ જ રીતે સમાચારોના આદાન પ્રદાન માટે રાજધાનીઓમાં જે સંવાદદાતાઓની નિમણૂક થતી તે 'વાકયાનવીસો' કહેવાતા આ રીતે તેઓ જરૂરી સમાચારોની  આપ-લે કરતા હતા.

## 3.1 મુદ્રણકળાનો પ્રારંભ

મુદ્રણકળાની શોધ થઇ તે પેહલાં લહિયા દ્વારા હસ્તલિખિત પત્રો લખવાની પ્રથા પ્રચલિત હતી.

લખતી હતી. જેમાં મોટા ભાગે ધાર્મિક પુસ્તકોનો હિસ્સો મહત્વનો હતો. ભારત, ચીન , ઈજીપ્ત, ગ્રીસ, વગેરે દેશોમાં લખાયેલું આવું ઘણું જ સાહિત્ય ઉપલબ્ધ છે. મુઘલ યુગમાં લિખિત પત્રો દ્વારા ખબરો મોકલવાની પ્રથા હતી. આ પત્રો ને વકઈ તરીકે ઓળખવામાં આવતા. આવી બીજી પધ્ધતિ 'સવઈના' અથવા ખાનગી પત્રોની હતી. એવીજ રીતે એહવાલો પણ એક બીજે સ્થળે મોકલાવતા. આ ઉપરાંત દૈનિક સમાચારો પણ 'રોજ નામચા' રૂપે તૈયાર થતા ત્યારે સત્તાવાર દસ્તાવેજોને અખબારત-એ-દરબારે- મૌલા ના નામથી ઓળખવામાં આવતા.

વૈશ્વિક કક્ષાએ લગભગ આવી જ સ્થિતિ હતી. પરંતુ યુરોપના નવજાગૃત્તિકાળમાં જર્મનીમાં ગુટેનબર્ગ પ્રથમ વખત છાપકામ માટેના બીબાની રચના કર્યા પછી મુદ્રણકલા નો ઉત્તરોત્તર વિકાસ થતો ગયો. (જો કે આ પેહલાં ટાઈપ (અક્ષરો) અને તેના બીબાની શોધ ચીનમાં બારમાં સૌકામાં થઇ ચુકી હતી. ક્રમશઃ આ કલા ભારત (1450) , ઈટાલી (1465), ફ્રાંસ (1470), સ્પેન (1474), સ્વીડન (1483), પોર્ટુગીલમાં (1495) ,અને રશિયા (1558) સહિતના ઘણા બધા દેશોમાં પ્રચલિત થઇ.

ત્યારબાદ (1780) બ્રિટિશ ભારત માં સર્વ પ્રથમ નિયતકાલીન અને મૂળભૂત અખબાર કહી શકાય, તેવું પત્ર 'બેંગોલ ગેઝેટ' શરૂ કરવાનું બહુમાન જેમ્સ ઓગસ્ટસ હિકી ને ફાળે જાય છે. જો કે અંગ્રેજો ભારત માં આવ્યા તેના પાંચ દાયકા પેહલાં જ વૈશ્વિક પત્રકારત્વનો પ્રારંભ થઇ ચૂક્યો હતો. લંડનની શેરીઓમાં પ્રગટ થયેલું 'ડેઈલી કોરાન્ટ' 12 માર્ચ 1702 વિશ્વ નું પ્રથમ પત્ર ગણાય છે. તેનો સ્થાપક ઈમેલેટ હતો. જેમ્સ હિકી પેહલાં ભારતમાં ઇસ્ટ ઇન્ડિયા કંપનીના એક કર્મચારીએ નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. જે ડચ નાગરિક વિલિયમ બોલ્ટ્સ હતો. તેણે ઇસ્ટ ઇન્ડિયા કંપનીના અધિકારીઓ વચ્ચેના જૂથવાદ ને છતો કરવાના હેતુસર એક પત્ર બહાર પડવાનું વિચાર્યું. આ પેહલાં તે ઇસ્ટ ઇન્ડીયા કંપનીના કર્મચારી તરીકે ભારત આવ્યો. અને કંપનીના ઓઠા હેઠળ ખાનગી વેપારની પ્રવૃત્તિમાં લાગી જતાં તેને કંપનીમાં થી રાજીનામું આપવું પડ્યું. તેણે કલકત્તા કાઉન્સિલ હાઉસના દરવાજે એવા મતલબ ની નોટીસ લગાવી [સપ્ટે 1766] કે 'છાપખાના' ના અભાવે સામાન્ય લોકો સમાચાર જાણી શકતા નથી. તેથી છાપખાનાના ધંધામાં રસ હોય તેમણે મી. બોલ્ટ્સનો સંપર્ક સાધવો જેથી આવો રસ ધરાવતા લોકો સવારે 8 થી 12 વાગ્યા દરમિયાન મી. બોલ્ટ્સને મળી ને હસ્તલિખિત નોંધો વાંચી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. અને સમસ્ત ભારત ખાતે ક્રમશઃ સમાચારપત્ર નીકળવાની શરૂઆત થવા પામી.

આ ગાળામાં ઇંગ્લેન્ડના સંસદીય કાર્યવાહીના અહએવાલો ભારત માં જાહેર કરવા પર પ્રતિબંધ હતો. એટલું જ નહીં પણ તેનો ભંગ કરનાર 'રાજદ્રોહ' ના ગૂનાને પાત્ર ઠરતા, બોલ્ટ્સ પર આવા અહેવાલો બંગાળ ના નવાબ સિરાજ ઉદ દૌલા ને આપવાનો આક્ષેપ લગાવવામાં આવ્યો.હતો. જેના પરિણામે તેની તાત્કાલિક ધરપકડ કરીને ઇંગ્લેન્ડ જતા વહાણમાં બેસાડી દેવાયો. જો કે બોલ્ટ્સ એમ ચાલ્યો જાય એવો ન હતો , તેણે [1722] કંપની સરકાર વિરુધ્ધ પુસ્તક 'Consideration of Indian Affairs' લખીને તેમણે અંગ્રેજી શાસનની આકરી ટીકા કરી. બંગાળ ના નવાબ ને અંગ્રેજોની કૂટનીતિ વિશેની ગંધ પારખી લીધી હશે. તેથી તે એક અંગ્રેજ કર્મચારીને ફોડી ને બોલ્ટ્સ વિષે બે મત દાખવી શકે કાં તો ભારત પર થતા ઝુલ્મો એ અયોગ્ય છે તેથી સજ્જન માણસની જેમ માહિતિ આપતો હશે કાંતો તેને માહિતિ આપવા બદલ ભેટ સૌગાદ આપવામાં આવતી હશે. આમ બોલ્ટસનો આ પ્રયાસો નિષ્ફળ નીવડયો. તેથી કહી શકાય કે ભારતમાં પત્રકારત્વ તરફનું પહેલું ડગલું આ રીતે નિષ્ફળતા કે પીછેહઠમાં પરિણમ્યું.

વિલિયમ બોલ્ટ્સની હાલત જોઇને કોઈએ વર્ષો સુધી છાપું કાઢવાની હિંમતજ ન કરી. બાદમાં [1780] આઈરીશ નાગરિક જેમ્સ ઓગસ્ટસ હિકીએ આ રીતે કંપની સરકાર સામે મેદાને પડ્યો. અને બરાબરની લડત આપી. "1780 ની 19મી જાન્યુઆરીના રોજ હિકીએ 'બંગાળગેઝેટ' અથવા 'કલકત્તા જનરલ એડવાઇઝર ' નામનું બે પાનાનું અઠવાડિક બહાર પાડ્યું .12*8 ઇંચનું આ પત્ર લોકોમાં 'હિકીગેઝેટ' તરીકે પ્રખ્યાત હતું. તેના બંને પાનાની બંને તરફ ત્રણ ત્રણ કોલમો છપાતી "[1].એમાં બ્રિટનના વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ થતાં લખાણોમાં ઉતારાનું પ્રમાણ વધુ જોવા મળતું. એની પ્રથમ જાહેરાતમાં એની આ પત્રિકાની ઓળખાણ બધા પક્ષો માટે ખુલ્લું પણ કોઈથી પ્રભાવિત નહી. એવું 'રાજકીય અને આર્થિક અઠવાડિક' એવા શબ્દોમાં કરવામાં આવી હતી[2] .હિકીનો સ્વભાવ આક્રમક હતો તથા તેનું અખબાર તટસ્થ હતું. આવી છાપ તેને પ્રથમ જાહેરાત દ્વારા જ ઓળખાવી દીધી તેમ કહી શકાય. તેના વાચકોમાં મોટે ભાગે વેપારીઓ અને યુરોપીયનો હતા.

હિકીનું આપત્ર આજના અખબારો જેવું સુઘડ અને ચોક્કસ શૈલીનું ન હતું. વાસ્તવમાં તે તદ્દન અણઘડપ્રકારથી છપાતું હોવા છતાં દર શનિવારે છપાતું પત્ર હતું. આ પત્ર ભારતનું પ્રથમ નિયતકાલીન અખબાર હતું. જેમાં સમાચારો ઓછા અને જાહેરાતો વધુ જોવા મળતી. તેની જાહેરાતો ખાસ રસપ્રદ હતી. પાર્ટીઓમાં હાજરી આપનારા મેહમાનો જે વસ્તુઓ પાર્ટીમાંથી ઉઠાવી ગયા હોય તે પાછી આપી જવાની વિનંતીઓ

વાળી જાહેરાતો પણ એમાં છપાતી .આ વસ્તુઓમાં બૂટ, શાલ, પિસ્તોલ ,તલવાર વગેરેનો સમાવેશ થતો. આ ઉપરાંત માલિકોને છોડીને ભાગી ગયેલા ગુલામ છોકરાઓની જાહેરાતો છપાતી. આવી જાહેરાતો છાપવાનું કદાચ એ હશે કે જેથી વધુ લોકો અખબાર વાંચે તેવું હશે. અથવા સમાચારો ઓછા હોવાને કારણે આવી જાહેરાતો પણ છાપવામાં આવતી હશે. માહિતિ, મુદ્રણ અને પ્રકાશનની દ્રષ્ટિએ તે અતિ પ્રાથમિક સ્તરનું હતું. છતાં ઐતિહાસિક દ્રષ્ટિએ તે આગવું મહત્વ ધરાવે છે. 'હિકીગેઝેટ' એ આઝાદીની લડતમાં ભારતીય અખબારો એ ભજવેલી સ્વાતંત્રયસેના ની ભૂમિકાની એ આજની અખબારી આલામની અડીખમ ઈમારતના પાયાના પથ્થર સમાન હતું.

"આ પત્રનો મુદ્રક, પ્રકાશન, તંત્રી, વ્યવસ્થાપક અને બીબા ગોઠવનાર હિકી પોતે જ હતો. 'હિકીગેઝેટ' ની 200 નકલો ખપતી, તેમાં કલકત્તાના એ વખતના સમાજ જીવનનું ઠીકઠીક દર્શન થતું. ભારતમાં વસતા યુરોપિયન સમાજના આંતરિકપ્રવાહો અને અંગ્રેજ અધિકારીઓ વચ્ચે ચાલતી સત્તાની સાઠમારીનું એમાં નિરુપણ થતું."[3]

બ્રિટીશઅધિકારીઓ વચ્ચેના આંતરિક કલેશો, કોઈ હસ્તીના અંગત જીવનને સ્પર્શતી વાતો, કોઈની ખાનગી વાતો તે બેધડક પોતાના પત્રમાં છાપી નાખતા. પોતાની આ અણઘડનીતિ અને બેફીકર વલણને કારણે જ બહુ ઝડપથી ગવર્નર વોરાનહેસ્ટીન્ગ્સ અને અન્ય અધિકારીઓનો રોષ વહોરવો પડેલા. અંતે [માર્ચ 1782] કંપની સરકારે તેનું પ્રિન્ટીંગપ્રેસ કબજે કર્યું. અને અંતે કેહવું ઘટે કે 'હિકીગેઝેટ' નો કરુણ અંત આવ્યો. છતાં તેનો ઈતિહાસ માત્ર બે વર્ષનો ટૂંકો , રોમાંચક અને અખબારો વચ્ચેના સંઘર્ષનું પ્રથમ પગથિયું હિકીનું 'બંગાળ ગેઝેટ' બની ગયું.

ભારતમાં સત્તા અને અખબારો વચ્ચેના સંઘર્ષનું પહેલું પગથિયું હિકી હતો. તેની સત્તા સામેની લડત અજોડ હતી. એક વ્યક્તિ તરીકે પણ હિકીનું પૂર્વ જીવન થોડું વિવાદાસ્પદ હતું. પરંતુ એ પણ એક તથ્ય છે કે ભારતમાં અખબાર અને સત્તા વચ્ચેનું યુધ્ધ પ્રથમ અખબારથી જ શરૂ થઇ ગયું હતું.

"રસપ્રદ વાત એ છે કે દેશમાં પ્રથમ વર્તમાન પત્ર કાઢવાનો વિચાર બે અંગ્રેજોને આવ્યો અને એ પણ વેપાર રોજગારના વિકાસ માટે ... બોલ્ટ કે હિકી, બેમાંથી કોઈ એ રાજકીય ઘટનાઓ કે અધતન હેતુ થી છાપું કાઢ્યું નહોતું. પણ, ભારતમાં વસતા અંગ્રેજ અધિકારીઓને એમના વતન ઇંગ્લેન્ડ થી માહિતિ મળી રહે, તેમજ ઇંગ્લેન્ડ બજારોના છેલ્લા ભાવ જાણવા મળે એ હેતુથી અખબારોનો પ્રારંભ થયો હતો."[4]

૧૯ મી સદીના ઉઘાડ સાથે ગુજરાતમાં નવો પ્રવાહ શરૂ થયો તે વિવિધ માધ્યમો વડે માહિતી મેળવવાનો કાળ હતો. ભારતમાં મુદ્રણકળા પ્રવેશતા જ ગુજરાતી ભાષામાં મુદ્રણનો પુરુષાર્થ ખેડાયો જીજીભાઈ બહેરામજી છાપગરે પહેલાં વહેલાં ગુજરાતી બીબામાં 'બોમ્બે કુરિયર' માં એક જાહેરાત છાપી. રૂસ્તમજી કેશરીયાજી એ છાપખાના ની શરૂઆત કરી અને નાના મોટા પુસ્તકો બજારમાં આવ્યા ત્યારબાદ ફરદુનજી મર્ઝબાને છાપખાનું શરૂ કર્યું.

## 3.2 મુંબઈમાં પ્રથમ ગુજરાતી સમાચાર શરૂઆત

તત્કાલીન બૃહદ મુંબઈ પ્રાંત મુંબઈ સમાચાર' ની શરૂઆત [1 જુલાઈ 1822] કરનાર પારસી સદગૃહસ્થ ફરદુનજી મર્ઝબાનને ગુજરાતી મુદ્રણ અને પત્રકારત્વના આદ્યપિતા ગણવામાં આવે છે. 1 જુલાઈના દિવસે ' શ્રી મુંબઈ સમાચાર' ના નામે આ પત્ર નો પ્રથમ અંક બહાર પડ્યો હતો. " મુંબઈ શબ્દ ત્યારે 'મુમબઈ' તરીકે લખતો અને સમાચારનો 'સ', 'શ' તરીકે લખતો."[5] તેમાં પાંચથી છ પાનાનું વાંચન પીરસવામાં આવતું. પ્રારંભમાં [સોમવાર તારીખ 2 જી જાન્યુઆરી 1832] સુધી સાપ્તાહિક સ્વરૂપે પ્રગટ થયા બાદ [મંગળવાર 3 જી જાન્યુઆરી, 1832] તે દૈનિકપત્ર બન્યું. દૈનિક થતાં જ તેનું કદ એક પાનાનું કરી દેવામાં આવ્યું. આ પત્રનું લવાજમ મુંબઈમાં માસિક બે રૂપિયા હતું. અને જયારે મુંબઈ બહારના ગ્રાહકો માટે વધારવામાં ટપાલ ખર્ચ અને નાણાંનો વટાવ લેવાનું ઠરાવ્યું હતું. અને પછી તેનું નામ મુંબઈ સમાચાર રાખવામાં આવ્યું.

'મુંબઈસમાચાર'માં પ્રારંભ જ થોડા સમાચાર, વ્યાપાર અંગે માહિતી, અવસાન નોંધ,, લગ્ન નોંધ ,આબોહવાને લગતી વિગતો ઉપરાંત કવિતાઓ છપાતી; ક્યારેક સમાચારોના અભાવે અડધું જ પાનું છપાતું. જાહેરખબરો મળવામાં મુશ્કેલીને કારણે [1833] આ અખબાર અઠવાડિયામાં રવિવાર અને બુધવાર એમ બે દિવસે પ્રગટ થવા લાગ્યું કોઈ અગત્યના સમાચારો હોય ત્યારે તંત્રી દ્વારા ઘટનાની ટીકા પણ તેમાં પ્રસિધ્ધ થતી હતી. ફર્દુનજીએ મર્ઝબાન બાદ તહેમુલજી રૂસ્તમજી મિરઝા 'મુંબઈ સમાચાર' ના તંત્રી બન્યા બાદમાં [૧૮૫૫] 'મુંબઈ સમાચાર' પુન: દૈનિક સ્વરૂપે નીકળવા માંડ્યું હતું. અને આજે પણ આટલા સમય બાદ પણ આ અખબાર સારી રીતે ચાલે છે. જે ગુજરાતી પત્રકારત્વ મટે મોટા ગૌરવ ની વાત છે. જે એશિયાનું સૌથી જૂનું અને હયાત અખબાર તરીકે જાણીતું છે.

મુંબઈ સમાચારના તંત્રીઓ બધા જ પારસીઓ હતા. પરંતુ તે પછી [ઈ.સ 2000 ના જાન્યુઆરી ની બીજી તારીખથી] પિંકિ દલાલે આ પત્રના કાર્યવાહક તંત્રી તરીકેની જવાબદારી ઉપાડી લીધી. તેઓ 'મુંબઈ સમાચાર' માં ખબરપત્રી તરીકે [1-7-1995] જોડાયાં હતાં. પાંચેક વર્ષ બાદ આ જવાબદારી સંભાળ્યા પછી [2005 ના એપ્રિલ ની નવમી તારીખે] તેમની નિમણૂક અખબારના તંત્રી તરીકે કરવામાં આવી. 'મુંબઈ સમાચાર' નો પ્રારંભ થયો તે પછી પેહલી વાર એક મહિલા તેના તંત્રીપદે નિમાયા. અગાઉ બહુ ટૂંકા ગાળા માટે બે બિન- પારસીઓ જનાર્દન વાસુદેવ અને તેમના ભાઈ વિનાયક આ અખબારના તંત્રી બન્યા હતા. તે પછી એક મહિલા 'મુંબઈ સમાચાર' ના તંત્રીપદે આવ્યાં."[6]

## 3.3 ગુજરાતમાં શરૂ થયેલ વર્તમાનપત્રો

ગુજરાતમાં વૃત વિવેચનનું બીજ 'વર્તમાને' [1849] વાવ્યું, તેમ મનાય છે. મગનલાલ વખતચંદે [છેક 1851] પ્રગટ કરેલ 'અમદાવાદ નો ઈતિહાસ' ન્હાનાલાલ દલપતરામ કૃત 'કવીશ્વર દલપતરામ', 'બુદ્ધિ પ્રકાશ' અને 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ઈતિહાસ' માંના એક પ્રકરણમાંથી ગુજરાતના પ્રથમ અખબાર ની થોડી ઘણી માહિતિ મળે છે. કવિ ન્હાનાલાલની માહિતી મુજબ બાજીભાઈ અમીચંદે 'વર્તમાન' પત્ર શરૂ કર્યું તેમ મનાય છે. 'અમદાવાદનો ઈતિહાસ' માં તેના લેખક જણાવે છે કે "પ્રજાનો વાંચવાનો શોખ વધ્યો તે માટેનો જશ 'વર્તમાન' ને ફાળે જાય છે."[7]

પારસી ધર્મ સામેના આક્રમણનો પ્રત્યુત્તર આપવા માટે ‘રાસ્ત ગોફતાર’ નામનું એક પત્ર [૧૫ મી નવેમ્બર 1851થી] ખરશેદજી નશરવાનજી કામાની સહાય થી શરૂ થયું . આ પત્રમાં દાદાભાઈ નવરોજી એ પારસીઓ પરના અત્યાચારો સામે કલમ ઉઠાવી હતી. રાસ્ત ગોફ્તારમાં કરસનદાસ મુળજી લેખો લખતા.

ત્યારબાદ [1852-1855] ના સમયગાળામાં કરસનદાસ મુળજીએ 'સત્યપ્રકાશ' નામનું સ્વતંત્ર પત્ર શરૂ કર્યું. 'સત્યપ્રકાશ' નો પ્રથમ અંક બહાર પડવાની તૈયારી થઇ. પ્રથમ અંક માટે તેમને જોરદાર મસાલો મળી ગયો. આ કિસ્સા પછી તો, નવી નવી કડીઓ ઉમેરાતી ગઈ, અંતે ન્યાયમૂર્તિ જોસેફ આનાર્લોડ દ્વારા ઈતિહાસ ની એક યાદગાર ઘટના સમાન મહત્વપૂર્ણ ચુકાદો અપાયો. તેમણે કરસનદાસને બદનક્ષીના આરોપમાં મુક્તિ તો આપી જ. પણ સાથે સાથે તેમની સાહસિકતા, નીડરતાને બિરદાવી અને ઉચ્ચ સ્થાનોમાં ચાલતા અનૈતિક કર્મોને ખુલ્લા પાડવા એ એમની "સૌથી મોટી ફરજ છે. " એમ કહી ને અખબારો અને અદાલત વચ્ચેના સબંધો ની એક ચોક્કસ વ્યાખ્યા પણ

બાંધી આપી. સર આર્નોલ્ડે કહેલું એક વાક્ય સનાતન સત્ય બની શકે એમ છે. એમણે કહ્યું" વોટ ઈઝ મોરલી રોંગ, કેન નોટ બી થીયોલોજીકલ રાઇટ." જે વાત નૈતીક રીતે ખોટી હોય, તે ધાર્મિકરીતે સાચી ન હોઈ શકે."[8] પત્રકારત્વના ઈતિહાસ માં વિરલ ઘટનારૂપે પછીથી મુંબઈના પત્રકારોએ કરસનદાસનું સન્માન કર્યું અને એમને માનપત્ર આપ્યું.

'સત્યપ્રકાશ' [1852-55] શરૂ થયું તથા થોડાક વર્ષોમાંજ [1860] તે 'રાસ્ત ગોફતાર' સાથે ભળી ગયું. પરંતુ તે આટલા ટૂંકા ગાળામાં પણ એક નાનકડો ઈતિહાસ સર્જતું ગયું. એ ગુજરાતના ઈતિહાસ ની વિરલ ઘટના છે. કારણ કે આ દરમ્યાન [1918] તે 'પ્રજામિત્ર'ના પારસી નામથી સંચાલિત અખબાર સાથે જોડાઈ ગયું. કરસનદાસ જેવા સુધારાવીર પત્રકારે અનેક જાણીતા સામયિકોમાં કામ કર્યું. પરંતુ તેમણે ખરી કીર્તિ તો 'મહારાજા લાયબલ કેસ' થી સાંપડી.

આવા સંજોગો [1 લી સપ્ટેમ્બર 1864] માં નર્મદે સુરતમાંથી 'ડાંડિયો' શરૂ કર્યું. આ પત્ર માંડ પાંચ વર્ષ ચાલ્યું પરંતુ તેને અનેક સીમા સ્તંભો સ્થાપ્યા. મીઠા પર કરનો વિરોધ કરવામો આવ્યો તે ઉપરાંત 'ડાંડિયો' એ અનેક સમાજ સુધારા ના કામો કર્યા. 'ડાંડિયો' ના પ્રથમ અંકમાં જ નર્મદે કહે છે કે " જાગજો રૈયત, બાર વાગ્યા વાહ ઓ લોકો, આ હું ડાંડી પીંટુ છું.આ તો ગરીબ લોકો સાવધ થાજો, ઓ આંધળાઓ લુચ્ચાઓ અને ખોટાઓ પાછા દેખતા પ્રમાણિક અને ખરા ઉદ્યોગ કરાવે ખરા થાજો."[9]

શ્રી રમેશ ગૌતમ નોંધે છે તેમ, હળવી ઢબની કટારોનો પેહેલો નિષ્ણાત કવિ નર્મદ હતો. હળવી ઢબે, હસતા હસતા પણ નર્મદ લોકોને ઘણી ગંભીર વાતો કહી દેતો અને પાખંડ કે દુષણોની વાત આવે ત્યારે મોટા ચમરબંધીને પણ ગાંઠતો નહી. 1869માં એણે,. રમેશ કુકલ નોંધે છે. તેમ, 'પૈસાની તજવીજ ન કરી શકયો ' માટે સોરાબજી ઈજનેરનું 'સન્ડેરીવ્યુ ' સાથે એને જોડી દીધું.

સુરત ની ત્રણ વસ્તુઓ ખુબ જ વખણાતી વખણાઇ, એક તો સુરતી પોતે, બીજું સુરતની ઘારી અને ત્રીજું 'ગુજરાત મિત્ર'. એવામાં [1863] દિનશા તાલ્યારખાને સુરતમાંથી 'સુરત મિત્ર' શરૂ કર્યું. શરૂઆતમાં તે સાપ્તાહિક હતું. પરંતુ આગળ જતાં [1864થી] તેને 'ગુજરાત મિત્ર' નામ અપાયું. ત્યારબાદ [1888] શરૂ થયેલું. 'ગુજરાત દર્પણ' ગુજરાત મિત્ર સાથે જોડાઈ ગયું. 'ગુજરાત મિત્ર એ પોતાના નામને સાર્થક કરીને સુરતના સીમાડા વટાવીને વાંચકોને વાંચવાનું મન થાય તેવું પત્ર બની ગયું. 'ગુજરાત મિત્ર' એ તાલ્યારખાનથી માંડી ને પ્રવીણકાન્ત રેશમવાળા સુધીના અનેક તંત્રીઓં,

સંચાલકો જોયા છે. અંતે [1936થી] 'ગુજરાત મિત્ર' એ દૈનિક આવૃત્તિ બહાર પાડવા માંડી, આ અખબાર હજુ પણ ચાલી રહ્યું છે.

સુરતમાંથી માસિક સ્વરૂપે [1878] 'સ્વતંત્રતા' પ્રકશિત થતું. રાજકીય ચેતનાના વિકસિત અંશો 'સ્વતંત્રતા' જોવા મળે છે. જે ટૂંક સમયમાં જ તે બંધ થયું. તે પછી ઈચ્છારામ દેસાઈએ [1880ની 6 જૂને] ‘ગુજરાતી’ નામના એક પત્રનો પ્રારંભ કર્યો.

તત્કાલીન અન્ય કેટલાક જૂના પત્રોમાં ખેડામાંથી શેઠ પાનાચંદ અને કહાનદાન ને 'ખેડા વર્તમાન' સાપ્તાહિક શરૂ [1861] કર્યું. તે અમદાવાદથી પ્રસિધ્ધ થતું કે રાજકોટથી તેની કોઈ ચોક્કસ માહિતી મળતી નથી. તે પછી વડોદરા થી ‘શ્રી સયાજી વિજય’ નો પ્રારંભ દામોદરચંદે કર્યો.

"આ સંદર્ભે શ્રી વિષ્ણુ પંડ્યા નોંધે છે કે "ઓગણીસમી સદીના અંત સુધીમાં અનેક અખબારો એ પોતાની રીતે કાર્ય શરૂ કર્યું. તેમાંના કેટલાંક અલ્પજીવી રહ્યાં તો કેટલાંકનો પ્રભાવ નહીવત રહ્યો. જેમાં મંચેરજી કાવસજીનું 'શાપુર લંગડાના મીત્તર', (1874), ફારમજી કાવસજી મેહતા નું 'હિતેચ્છુ', (1873), 'અમદાવાદ સમાચાર' (1876), 'પ્રજાભીલાસ '(1873), 'પ્રજામત', 'હિન્દુસ્તાન', 'પ્રતિનિધિ', 'રાજ્પત્રિકા', 'ખેડા ખેતીવાડી' (1878), 'શ્રીમાળી શુભેચ્છક' (1883), 'પ્રિયંવદા (1886), 'સ્વદેશબંધુ' (1885), 'ભરૂચ વર્તમાન' (1761), 'દેશભક્ત' (1896), 'ફ્રિ પ્રેસ' (1835) , 'મુંબઈ સમશેર કીઆની' (1849), 'જ્ઞાનસાગર'(1851) , 'શમશહેર રમુજ '(1853), 'પારસી મિત્ર' (1855), 'દોસ્તે હિન્દ' (1868), ' પારસી રીફોમર' (1852) , 'સૂર્યોદય' (1864), 'ધી ન્યુ યુનિયન પ્રેસ' (1869), 'દાંતરડું' (1870), 'કાઠિયાવાડ ટાઈમ્સ' (1888), સિંધ વર્તમાન '(1881), 'નવસારી પ્રકાશ' (1897), 'મુંબઈ દૂરબીન '(1837), 'મુંબઈ વર્તમાન' (1844), 'અખબારે સોદાગર'(1856) , 'બગાનશીહન' (1854), દાસ્તે પરસીબાનું આન' (1854). 'સૂરીઅ પરકાશ'(1856), 'ગુજરાતી રીવ્યુ' (1862),'સાહેમિત્ર' (1828), 'ઈઅંજહા પારસી' (1868), 'મુંબઈ દોસ્ત'(1879), 'ઇન્ડિયન ક્રીટીક' (1870), 'આર્યમિત્ર' (1872), 'અબધ્રત' (1894), 'સ્વતંત્ર(1895), 'નવસારી પ્રકાશ' (1897), 'ગડગડાટ' (1898), 'પંચદાડ'(1899) વગેરે પત્રો બહાર પડ્યા."[10]

ગુજરાતી પત્રકારત્વમાં પેહલું ગણના પત્ર સામાયિક 'બુધ્ધિ પ્રકાશ' નો પ્રારંભ થયો. આ સામયિકોમાં સોળ પાના આપવામાં આવ્યા હતા. દોઢ આના તેની કિંમત હતી. આ સામાયિક દોઢ વર્ષ ચાલ્યું અને બંધ પડ્યું. આ દરમિયાન [1851] રાવબહાદુર ભોગીલાલ પ્રાણવલ્લભદાસે ફરીથી શરૂ કર્યું પરંતુ ટૂંક સમયમાં [1854] માં જ તે ફરીથી

બંધ પડ્યું. છેવટે 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી' એ એને હાથમાં લીધું. જેને કવિ દલપતરામે વ્યવસ્થિત બનાવી ગુજરાતી ભાષા સાહિત્યનો ઉત્કર્ષ કર્યો. ઉપયોગી જ્ઞાનનો પ્રચાર કર્યો. અને સામાન્ય કેળવણી ની વૃધ્ધિ કરી હતી. સામાન્ય જ્ઞાન ના વિષય વૈવિધ્યથી આ માસિકે ગુજરાતમાં આદરનું સ્થાન મેળવ્યું છે. શ્રી વિદ્યનાથ ભટ્ટના શબ્દોમાં "પ્રાચીનતાની દ્રષ્ટિએ પ્રથમ સ્થાન 'બુધ્ધિ પ્રકાશ' ને મળશે."[11]

આમ, [1851 માં] દાદાભાઈ નવરોજી નું 'રાસ્ત ગોફતાર' શરૂ થયા પછી મુંબઈ ની 'ચિત્ર વિજ્ઞાન દર્પણ' ,1954 માં 'શમશેર બહાદુર' , 'ગુજરાત શાળાપત્ર' , ભોળાનાથ દિવેટિયા અને મહીપતરામનું 'જ્ઞાનસુધા', 'જ્ઞાન વર્ધક' અને 'જ્ઞાન પ્રસારક' , 'આર્ય જ્ઞાનવર્ધક' , 'વસંત', હરગોવિંદદાસનું કાંટાવાળાનું 'સાહિત્ય', 'પ્રાચીન કાવ્ય', 'મનોરંજક રત્નમાળા' જેવા ઘણાં બધાં પત્રો નીકળવાં શરૂ થયાં.

આ સમયે [1850 ની આસપાસના અરસામાં] ગુજરાતી સામયિકોના પ્રકાશન મહત્વના હતાં. જેમાં ઉત્તરોત્તર વધારો થતાં 'જ્ઞાન પ્રસારક' ભાવનગરથી ' મનોરંજક રત્ન ', 'સુબોધપ્રકાશ','ધર્મ દર્પણ', ' વિવેચક', ' ધર્મપ્રકાશ', 'માસિક સારસંગ્રહ', ' 'ત્રિમાસિક ટીકાકાર', 'ધર્મ દર્પણ', 'માનવ ધર્મ', ભોળાનાથ દિવેટિયા અને મહીપતકૃત 'પ્રાર્થના સમાજ', 'જ્ઞાનસુધા', 'આર્ય જ્ઞાન વર્ધક', શેઠ તારાપોળના રહીશ શાપુરજી ભીમજીભાઈએ ચલાવેલું તથા ' જ્ઞાનવર્ધક ', આનંદ શંકર દવે 'વસંત' , હરગોવિંદદાસ કાંટાવાળા એ 'સાહિત્ય' અને 'પ્રાચીન કાવ્ય', લીંબડાથી 'માસિક સાર સંગ્રહ', 'જૈન ધર્મ પ્રકાશ', (જામનગર થી) 'માનવ ધર્મ', (જૂનાગઢ) 'મનોરંજન મણીમાળ', 1940માં કુતીયાનાથી 'મુજાહિદ', (રાણપુરથી) 'બકરુપી'(પ્રથમ ડીટેક્ટીવ સાહિત્ય) ભાવનગર થી ગીજુભાઈ બધેકા દ્વારા 'શિક્ષણ પત્રિકા' , ('કચ્છ' રાજકોટ થી)માં મોહનલાલ ગામીએ 'કોકિલ' અને ફૂલચંદ મવાણીએ 'કેસરી' (ભાવનગરથી) જયંતીલાલમેહતાએ 'ભાવનગરસમાચાર','જીવનપ્રકાશ' રાજકોટમાંથી 1954માં 'મંજરી', રાજકોટમાંથી ઇન્દુલાલગાંધી , ડોલરરાય માંકડે 'ઊર્મિનવરચના', 'નુતનસૌરાષ્ટ્ર', 'અંજલી' વગેરે શરૂ કરેલા તે ઉપર્યુકત તમામ અખબારો પ્રસિધ્ધ થતા હતા.

આવા સમયે [ઈ.સ જુલાઈ 1862માં] સરકારના કેળવણી ખાતાએ અમદાવાદથી 'ગુજરાતશાળાપત્ર' નો પ્રારંભ કર્યો. ત્યારે તેના તંત્રી મહીપતરામ નીલકંઠ હતા. ત્યારબાદ [1870માં] આ પત્રમાં તંત્રી પ્રસિધ્ધસાક્ષર નવલરામ નિમાયા. ગુજરાતમાં શિક્ષણ અને શિક્ષકને એનું મોભાદારસ્થાન આપવામાં 'ગુજરાત શાળાપત્ર' નું મોટું યોગદાન છે.

નવલરામ રાજકોટમાં આવવાથી 'શાળાપત્ર' પણ રાજકોટમાં આવ્યું. તેઓ સતત અઢારવર્ષ આ પત્રના તંત્રીપદે રહ્યા શાળા પત્રનો મુખ્ય હેતુ બહાર લાવવા શિક્ષકો અને વિદ્યાર્થીઓને સબંધી સંખ્યાબંધ લેખો લખ્યા. તે ઉપરાંત તેમને ગ્રંથસમીક્ષા , ભાષા, જોડણી, વ્યાકરણ, પીગળ વગેરે જેવી અનેક સમસ્યાઓ પર માર્ગદર્શકલેખો લખ્યા અને સૌરાષ્ટ્રના પત્રકારત્વના પાયાને મજબૂત બનાવ્યો.

સ્ત્રીઓની સામાજિકસ્થિતિ ઉંચી લાવવાના હેતુથી સાક્ષર મણીલાલ નભુભાઈ દ્વિવેદીએ [ઓગસ્ટ, 1885માં] 'પ્રિયવંદા' નામનું પ્રથમ મહિલાઓનું માસિક શરૂ કર્યું. 'પ્રિયંવદા' નું લખાણ પાંડિત્યસભર અને અઘરૂં રેહતું હતું તેથી સામાન્ય મહિલાઓને તે સમજવામાં મુશ્કેલી પડતી; આ અંગે મહિલાઓ ફરિયાદ પણ કરતી. અને મણીલાલ ઉત્તર પણ વાળતા. પાંચ વર્ષ ચાલ્યા બાદ [1890માં] આ પત્રનું નામ બદલીને 'સુદર્શન' થયું જેનું સંપાદન મણીલાલ દ્વિવેદી કરતા.

મણીલાલ નભુભાઈના મહિલાલક્ષી સામાયિક 'પ્રિયંવદા' શરૂ થયા પછી ત્રીજા વર્ષે [1887]માં ભાવનગરથી જ 'ખેડૂત' નામનું સંપૂર્ણ કૃષિલક્ષી સામાયિક શરૂ થયું. એ ઘટના ભાવનગરે સૌરાષ્ટ્રના પત્રકારત્વના ઈતિહાસમાં આપેલા અમુલ્યફાળાની ચાડીખાય છે, આજે પણ કૃષિને લગતા અમુક ચોક્કસ વારે કૃષિવિષયક સમાચારો આપવા માં આવે છે.

આ સામાયિક શરૂ કરવાનું સાહસ ખેતીવાડી ખાતાના અધિકારી દુર્લભરામ રામજી જાનીએ કર્યું હતું. 'ખેડૂત' સંપૂર્ણપાને ખેતી અને બાગાયતના પ્રશ્નોજ ચર્ચાતું. એ સિવાય કોઈપણ વિષયનો એમાં ફણગો ફૂટતો ન હતો.

સૌપ્રથમ અખબાર સૌરાષ્ટ્રમાં [ઈ.સ 1864-65] જૂનાગઢથી ' સૌરાષ્ટ્ર દર્પણ' નામનું માસિકપત્ર શરૂ થયું. જો, કે આજ સમયગાળામાં 'કઠિયાવાડ સમાચાર' નામનું સાપ્તાહિક ચાલતું હતું. પણ તેનું પ્રકાશનસ્થળ અમદાવાદ હતું કે રાજકોટ તેનીચોક્કસ માહિતિ મળતી નથી. ત્યાં સુધી 'સૌરાષ્ટ્ર પ્રથમપત્ર ગણવામાં કોઈ વાંધો નથી. આ રીતે જૂનાગઢ સૌરાષ્ટ્રનું પ્રથમ પત્ર ધરાવવાનું માન ખાટી જાય છે

આમ પણ જૂનાગઢનું એક વખતનું સાંસ્કૃતિક અને સામાજિક ચિત્ર જોતા તથા આવી પ્રવૃત્તિ વહેલી શરૂ થાય એ સ્વાભાવિક જ ગણાય. એ સમયે જૂનાગઢમાં નવાબની હકૂમત હતી, અને શાસનના આશ્રયે ત્યાં સંખ્યાબંધ નાગર સાક્ષરો અને પંડિતો એકઠા થાયા હતા. તેઓ રાજ્યવહીવટમાં પણ સીધો કે આડકતરો ભાગ લેતા. આવા એક

નાગરવિદ્વાન મણિશંકર જટાશંકર કિકાણીએ ગુજરાત અને મુંબઈમાં આસમયે ચાલતી સુધારાવાદી ચળવળોના સૌરાષ્ટ્રમાં લાવવાના હેતુથી જૂનાગઢમાં 'જ્ઞાનસંગ્રાહકસભા' ની સ્થાપના કરી, અને આ સભાના ઉપક્રમે જ 'સૌરાષ્ટ્રદર્પણ' નું પ્રકાશન શરૂ કર્યું આ પત્રના તંત્રીપદે એમને શ્રી વલ્લભહરીદત્ત આચાર્યની વરણી કરી, જેઓ એમના એક સાથીદાર હતા. આ પત્ર એ સમયે સૌરાષ્ટ્રભરમાં અને બહાર પણ જાણીતું બન્યું હતું. અને વીસ પચીસ વર્ષ સુધી ચાલ્યું હતું. તેના દરેક અંકના મુખપૃષ્ઠ ઉપર સૌરાષ્ટ્ર સરકારની મદદથી થતું એવો સ્પષ્ટ ઉલ્લેખ છપાતો.

મણીશંકરે 'સૌરાષ્ટ્રદર્પણ' મારફત લગ્ન અને મૃત્યુ પછીના કુરિવાજો , કન્યાકેળવણી, બાળલગ્ન, સ્ત્રીકેળવણી જેવી બાબતોમાં અદ્વિતીય ફાળો છે. તે સમયે કુરિવાજોથી ખદબદતા સમાજમાં પણ બાયડીઓથી જોડાપેરાય? તેવા લેખોદ્વારા સ્ત્રીઓમાં જાગૃતિ આવે તેવા પ્રયત્નો તેઓ કરતા જે હાલના વર્તમાન યુગમાં પણ અંધશ્રધ્ધા કુરિવાજો જોવા મળે છે. એમની વિદ્વતા નો કવિ દલપતરામે સ્વીકાર કર્યો હતો. અને કહ્યુ હતું "વૈદતણા બહુભેદ, વિચક્ષણ, લક્ષણસુધ્ધચિતે ચતુરાઈ ભાંગીશકે ભેદ ભયંકર શંકર કે મણિશંકરભાઈ".[12] પોતાની રીતે મણિશંકર અને એમના 'સૌરાષ્ટ્રદર્પણ' એ સમયે સૌરાષ્ટ્રમાં કેળવણી અને સુધારાના ખ્યાલોનો સારો એવો પ્રચાર કર્યો. એ અર્થમાં એમને શ્રી ધીરુભાઈ ઠાકર અને ઇન્દ્રવદન દવે " સૌરાષ્ટ્રની સાંસ્કૃતિક જાગૃતિના પ્રવર્તક અને સોરઠના પહેલાં સુધારક" [13]જાગૃતિના પ્રવર્તક અને સોરઠના પેહલાં સુધારક" તરીકે ઓળખાવે છે તે યોગ્ય છે.

આઝાદી પછી સૌરાષ્ટ્રને અલગ રાજ્ય મળ્યું અને રાજકોટ તેનું પાટનગર બન્યું. આથી આવી પ્રવૃત્તિઓનું કેન્દ્ર પણ રાજકોટ બન્યું અને દૈનિકપત્રો ત્યાંથી શરૂ થયા. આમ છતાં શિક્ષણની જેમ પત્રકારત્વના પણ પગરણ જૂનાગઢથી થયા એમ કેહવામાં કશું ખોટું નથી. આજે જૂનાગઢમાંથી થોડા સાપ્તાહિકો ઉપરાંત ત્રણેય દૈનિકપત્રો પણ પ્રસિધ્ધ થાય છે.

એકાદ વર્ષ જેટલા ટૂંકા સમય સુધી જ ચાલેલા 'જ્ઞાનદીપક' એ તે સમયના સ્થગિત અને બંધિયાર વાતાવરણને ભેદવામાં મહત્વનો ફાળો આપ્યો હતો. એ સમયે મણીશંકરના 'સૌરાષ્ટ્રદર્પણ' થી પ્રભાવિત થયેલા રૂપશંકર ઓઝાએ જુનાગઢમાંથી જ 'જ્ઞાનદીપક' નામનું સામાયિક શરૂ કર્યું.

'સૌરાષ્ટ્રદર્પણ' બાદ રાજકોટમાંથી 1868માં એપ્રિલ મહિનામાં વિજ્ઞાન વિલાસનો પ્રારંભ થાય છે. જેના સ્થાપક હરગોવિંદ કાંટાવાળા હતા. 'વિજ્ઞાન' શબ્દનો અર્થ એ

સમયમાં પ્રચલિત નહી હોય . અહી તો વિજ્ઞાનનો અર્થ જ્ઞાન કે વિશેષજ્ઞાન કરવાનો છે. અને જ્ઞાનથી પણ કેળવણીજ વધુ અભિપ્રેત છે એ પ્રથમ લેખમાં જોવા મળે છે. 'ઝવેરી સદીરામ શંકરદાસની મદદથી' છપાતી અને માસિક ચોપાનિયું હતું. વિજ્ઞાનવિલાસમાં એક લેખ 'જ્ઞાન અને શક્તિએ જ છે. આ લેખ ભાષા અને રજૂઆતની દ્રષ્ટીએ આજે ઘણો ફિક્કો અને પ્રાથમિક કક્ષાનો લાગે.મનુષ્ય એ બીજા પશુ કરતા શરીરરચના અને બુધ્ધિની દ્રષ્ટિએ ચડિયાતો છે . એવું પ્રારંભમાં દર્શાવાયું છે. પ્રથમ ફકરામાં ' મનુષ્યના કામો તેના અંગ બળ તથા બુધ્ધિબળ પર આધર રાખે છે. તેમાં મુખ્યત્વે કરીને બુધ્ધિબાળ પર"[14]. એ વાક્ય એનો મુખ્યવિચાર છે. તે સમયે આવા વિચારોને ફેલાવો કરવો તે સારી બાબત છે. તેમજ અંધશ્રધ્ધા અને વહેમો તથા ચમત્કારોની તરફેણ કરતા લેખો મોટી સંખ્યામાં પ્રગટ કરે છે. "એક અજાયબ જેવો ખેલ" ઢોંગી માણસોને ખુલ્લા પાડે છે. તેનો મુખ્ય હેતુ સમાજમાં જાગૃતિ લાવવાનો હતો.

આવે સમયે [1882] 'કાઠિયાવાડ ટાઈમ્સ'નો પ્રારંભ થયો હતો. આ પેહલાં જે પત્રો સૌરાષ્ટ્રમાંથી શરૂથયા તે માસિક સ્વરૂપમાં હતા. એ અર્થમાં જોઈએ તો 'કાઠિયાવાડ ટાઈમ્સ' એ સૌરાષ્ટ્રના પત્રકારત્વમાં સૌપ્રથમ દૈનિક વર્તમાનપત્ર બન્યું. આ પત્રના સ્થાપક ભવાનીદાસ વઝીરાણી હતા. આ પત્રમાં પ્રથમ પાનું મોટે ભાગે અંગ્રેજીમાં આવતું અને અંદરના પાનાઓમાં ગુજરાતીમાં થોડી વાંચનસામગ્રી આવતી. આમ 'કાઠિયાવાડ ટાઈમ્સ' દ્વિભાષીપત્ર હતું.

દિવાળી અંક જેવી વાંચન વિવિધતા ધરાવતા 'શારદા' માસિકનો પ્રારંભ [એપ્રિલ, ૧૯૨૪] ગોકુલદાસ રાયપુરા એ રાજકોટમાં થી કર્યો આ પખવાડિક હતું. અને સો પાનામાં કાવ્યો, વાર્તા, પ્રવાસવર્ણન, જીવનચરિત્રો, લોકકથાઓ , સાહસ, કથાઓ , ટૂંકીવાર્તાઓ , લોકસાહિત્યથી ભરપુર વાંચનસામગ્રી પીરસતી હતી. 'શારદા' સાહિત્ય અને સંસ્કારનું માસિક હોવાછતાં તેમાં રાજકીય સમસ્યાઓ ,સ્ત્રીઓ ની સમસ્યાઓની કોઈવાર ચર્ચા કરવામાં આવતી હતી.

'ચેતન', 'હિન્દુસ્તાન', 'ગુજરાત''યુગધર્મ' જેવા પત્રોમાં કામગીરી કરી ચૂકેલા સાક્ષર વિજય રવિ વૈધ સાહિત્યિક સામાયિક ચલાવતા, જેમને [૧૯૨૪ માં 'કૌમુદી'] નો ત્રિમાસિક રૂપે પ્રારંભ કર્યો. 'કૌમુદી' પછી [1938 માં] વિજય રામ 'માનસી' માં ચિંતન અને અધ્યાત્મક ઉપર વધુ ભાર આપતો. તેમાં સવાસોથી દોઢસો પાના અપાતા હતા. તેનો દરેક અંક દળદાર બનતો.

સૌરાષ્ટ્ર પાસે ગૌરવ લઇ શકાય તેવું એક સાહિત્યિક પ્રકારનું પત્ર ભાવનગર થી પ્રગટ થતું 'મિલાપ' હતું. જે [જાન્યુઆરી, 1978] માં મહેન્દ્ર મેઘાણીએ માસિક સ્વરૂપે શરૂ કરેલ હતું. ઘણા વર્ષો સુધી ચાલેલું 'મિલાપ' હવે ઘણા વર્ષો થી બંધ છે,

સ્વતંત્રતાના ઘણા વર્ષ બાદ ભારતમાં માધ્યમોનું મહત્વ વધી ગયું છે. પરંતુ માધ્યમોની વાત કરીએ તો ટીવી ચેનલો અને તેની બોલબોલા ની ચર્ચા પણ થાય પણ, આઝાદી પહેલાં જયારે ચેનલો ની શોધ ન હતી થઇ ત્યારે પત્રકારત્વનો પ્રારંભ નાના નાના ચોપાનિયાથી થયો હતો. સામયિકો જ લોકોમાં મુંઝવતા પ્રશ્નોને વાચા આપતા હતા. અખબાર ની આ શક્તિ સર્વ પ્રથમ ઓળખનાર વ્યક્તિ હતા ગાંધીજી. તેઓ જયારે લંડનમાં હતા ત્યારે ઘર બેઠા તેઓ ત્યાના અખબારોમાં ચર્ચા પત્રો લખતા તેમના લખાણે સમગ્ર ઇંગ્લેન્ડ માં ઉહાપોહ મચાવ્યો અને ત્યારે જ ગાંધીજી લેખન શક્તિ ને પારખી ગયા. અખબારની અડગ તાકાતને સમજી ગયા બાદ ગાંધીજી એ રંગભેદ ની નીતિ સામે લડત છેડવાનું નક્કી કર્યું. તેમની આ લડત વિશે સાંભળીને તેમને હબીબ શેઠ ઝવેરીએ પુછ્યું હતું, તમારા સત્યાગ્રહમાં જોડાશે કોણ? તમારા કહેવાથી સિપાઈની લાઠી ખાવા માટે કેવી રીતે આવશે? ગાંધીજીએ જવાબમાં કહ્યું હતું કે "હું લેખ લખીશ અને ખરેખર ચમત્કાર થયો અને ગાંધીજીનો લેખ વાંચીને પુરા પચાસ માણસો અંગ્રેજ હકૂમતની લાઠી ખાવા માટે પહોંચી ગયા હતા."[15]

આનો અર્થ એ જ કે, અખબારોથી જગતમાં ક્રાંતિ લાવી શકાય છે. ગાંધીજીએ ભારત આવીને પણ અખબારના માધ્યમથી લોકજાગૃતિ લાવવાનો પ્રયોગ ચાલુ જ રાખ્યો. જેમાં 'યંગ ઇન્ડિયા', 'હરિજનબંધુ' અને 'જગજીવન' જેવા અખબારો કાઢયાં. ગાંધીજીએ સાબિત કરી બતાવ્યું કે 'ખીચો ન કમાન કો, ન તલવાર નિકાલો, જબ તોપ મુકબિલ હો તો અખબાર નિકાલો....' પરંતુ ગાંધીજી મૂળભૂત રીતે પત્રકાર ન હતા. તેમણે તો માત્ર સામાજિક અને રાજકીય ક્રાંતિ લાવવાના ઉદ્દેશથી અખબારો કાઢયાં હતાં. ત્યાર બાદ જયારે રાજા રામમોહનરાય અંગ્રેજી શાસનની બે મોઢે પ્રશંસા કરતા હતાં. નર્મદ જેવા ક્રાંતિકારી વિચારકે પણ દેશી રાજ્યોના વહીવટદારો સામે જંગ છેડી, અંગ્રેજ વહીવટ લાગું કરી દેવાનું સૂચન કર્યું હતું. એ વખતે ઈચ્છારામ દેસાઈએ 'સ્વતંત્રતા' નામનું પત્ર બહાર પાડી સમગ્ર ભારતમાં સૌપ્રથમ વખત આઝાદીનો વિચાર રમતો મૂકીને.પોતાના પત્રમાં ગુલામીને કારણે થયેલી દુર્દશાનું તાદ્દશ વર્ણન કરતા હતા.

દ. આફ્રિકાનો પોતાનો નિવાસ ત્યજીને મહાત્મા ગાંધીજી [1915માં] ભારત આવ્યા, અને એ પહેલાં 1857માં ભારત ખાતે એક સશસ્ત્ર બળવો થઇ ચુક્યો હતો, પરંતુ તે બળવામાં માધ્યમોની ભૂમિકા લગભગ શૂન્ય જેવી હતી. જયારે ગાંધીજીએ શરૂ કરેલી

આઝાદીની લડાઈમાં અખબારો પોતે જ સ્વતંત્ર સૈનિકોની ભૂમિકામાં આવી ગયાં હતાં..સૌરાષ્ટ્રમાં ધોલેરા ખાતે સત્યાગ્રહ થયો, ત્યારે 'સૌરાષ્ટ્ર' સાપ્તાહિકનું નામ એમાં પ્રથમ હજાર સત્યાગ્રહીઓની યાદીમાં હતું.

"ગુજરાતીમાં શામળદાસ ગાંધીનું 'વંદેમાત્રમ' જાણીતું છે. ત્યારે લાલા લજપતરાયે પણ પંજાબીમાં 'વંદેમાતરમ' શરૂ કર્યું હતું.એજ રીતે મેડમ ભીખાઈજી કામા એ પેરીસ(ફ્રાંસ) થી 'વંદેમાતરમ' પત્ર કાઢ્યું હતું. એ બહુ ઓછા લોકો જાણે છે કે પણ, કમનસીબે 'વંદેમાતરમ' ના જુના અંકો આજે જોવા મળતા નથી. મુલતાનની જેલમાં રહેલા કેદીઓં પર અંગ્રેજ શાસકો દ્વારા ગુજરાતમાં સિતમ ની વાતો છાપીને 'વંદેમાતરમ' એ સનસનાટી ફેલાવી હતી."[16]

ઇન્દુલાલ યાજ્ઞીકે તે સમયે પ્રજાકીય ચેતનાને વધુ જગાડી શકે એવા આશય થી 'નવજીવન અને સત્ય' નામનું માસિક શરૂ કરીને તે ગાંધીજીને સોપ્યું. આ 'નવજીવન' નો પ્રથમ અંક [૭ સપ્ટેમ્બર 1919] માં નીકળ્યા પછી હતો. લગભગ [1932] પછી 'નવજીવન' નું નામ પરિવર્તન 'થતાં તે હરીજન બંધુ' થયું. આગળ જતાં 1956 માં આ 'હરીજન બંધુ' બંધ પડ્યું.

અમૃતલાલ શેઠે રાણપુર થી 'સૌરાષ્ટ્ર' બહાર પાડ્યું જે પાછળ થી 'ફૂલછાબ ' સ્વરૂપે પ્રસિધ્ધ થયું. જેને હાલ નેવું વર્ષ પૂર્ણ થાય છે અને કાર્યરત છે. હાલના માસ્ટર હેડ ના હાસ્યામાં 'ફૂલછાબ' લખેલું આવે છે. તે રાજકોટમાં આવ્યા બાદ દૈનિક અખબાર થયું હતું. રામરાય મુનશી એ 'સ્વરાજ' નામનું દૈનિક [1921] શરૂ કર્યું. જયારે એ વખતે [1934માં] અમૃતલાલ શેઠે 'જન્મભૂમિ ' શરૂ કર્યું. જે હજુ પણ પ્રકાશિત થાય છે. 1963માં કલભા કોઠારી એ અમદાવાદ માં 'પ્રભાત' અને 'જય સૌરાષ્ટ્ર' દૈનિકો શરૂ કર્યા. જયારે [1941]માં શામળદાસ ગાંધી એ 'વંદે માતરમ ' દૈનિક નો પ્રારંભ કર્યો.

ગુજરાતી ભાષાનું પ્રથમ સાંધ્ય દૈનિક' સાંજ વર્તમાન' , 'ગુજરાતી પંચ' પછીનો તરતનો પત્ર છે. અરદેશર બહેરામજી પટેલ ના તંત્રીપદે આ પત્રનો ઠીક ઠીક વિકાસ થયો. તેના પ્રતિસ્પર્ધી રૂપે 'સમી સાંજ' (1909) નામનું પત્ર નીકળ્યું પરંતુ તે છ એક માસ ચાલ્યું. 'સાંજ' ‘વર્તમાન' પણ વિદેશના અન્ય ભાગો માંથી તાર દ્વારા સમાચારો મેળવવાની શરૂઆત કરી. 1908 થી તેણે 'પતેતી અંક' ની યોજના કરી તે ગુજરતીમાં વિશેષાંક ના ક્ષેત્રે નોંધનીય છે.[1942થી] સાંજ વર્તમાન' ના માલિકોથકી તે [1947] 'રાસ્ત રાહબર' સાપ્તાહિક સાથે જોડાઈ ગયું. માટે જ કેટલાક વિવેચકોએ ગુજરાતી પત્રકારત્વના ત્રણ યુગ ગણાવ્યા છે.

1. મુંબઈ સમાચાર યુગ 2. ગુજરતી યુગ

3. ગાંધી યુગ, આ પૈકીના ત્રીજા યુગનો પ્રારંભ મહાત્મા ગાંધીજીએ જ્યારથી [1919] 'નવજીવન' નું સુકાન હાથમાં લીધું ત્યારથી થયો."[17]

સ્વતંત્રતા પ્રાપ્તિ બાદ તેણે જેનો સામનો કર્યો છે એવા કેટલાક પ્રશ્નો ની ગુજરતી પત્રકારત્વ પર ઊંડી અસર થઇ. સાથે જ અભિવ્યક્તિની મોકળાશ ને કારણે નવા અખબારોના પ્રારંભને પ્રોત્સાહન મળ્યું. જેનામાં કેટલાંક બંધ પડ્યા અને સમયાંતરે તેમાં સુધારા થતા ગયા.

## ઉપસંહાર

ટૂંકમાં, એટલું તો જરૂરી કહી શકાય કે સૌરાષ્ટ્રના વર્તમાનપત્રોએ કાઠિયાવાડી પ્રજાને વિદ્યા અને કેળવણી તરફ દોરી હતી, તથા સામાજિક સુધારાઓ પર ભાર મૂકી પુરાતન અને રૂઢિવાદી પરંપરાઓ તોડવા પ્રેરણા પૂરી પાડી હતી. આ પત્રોએ આંશિકપણે પ્રજાને રાજકીય બાબતોથી માહિતગાર કરી હતી તથા દેશી રાજ્યો અને બ્રિટીશ સરકારની અન્યાયી નીતિઓ પ્રત્યે તેમને વિચારવા પ્રેરણા પૂરી પાડી હતી.

આ વર્તમાનપત્રોના પ્રયત્નો થકી ધીરે ધીરે સૌરાષ્ટ્રમાં રાજકીય જાગૃતિના મંડાણ શરૂ થયા. મહાત્મા ગાંધીજીના આફ્રિકાથી હિંદમાં થયેલા આગમને સમગ્ર ભારતમાં નવો જ પ્રાણ ફૂંક્યો. તેમના સત્યાગ્રહો તથા તેમની સત્ય, અહિંસાની વિચારસરણીએ સૌરાષ્ટ્ર પર ઘણી જ અસર કરી. તેમના રચનાત્મક કાર્યોને સૌરાષ્ટ્રના પ્રજાજનોએ વધાવી લીધા અને પોતાના તન-મન-ધનથી તેને તરબતર કરી દીધા. આમ, સૌરાષ્ટ્રના દેશી રાજયોની આપખુદ અને અન્યાયી નીતિઓએ ગાંધીયુગ દરમિયાન સૌરાષ્ટ્ર ના કેટલાક ખમીરવંતા અને નીડર પત્રકારોને જન્મ આપ્યો હતો.

ગુજરાતી પત્રકારત્વનો પ્રારંભ ભલે ગુજરાત ની બહાર છેક મુંબઈમાં થયો હોય પરંતુ ગુજરાતી પત્રકારત્વના મૂળિયા સમગ્ર ગુજરાતમાં ભારત માં અને વિશ્વના કેટલાય દેશોમાં ફેલાઈ ચુક્યા છે. તે સમયે સુરતમાંથી ' સુરત મિત્ર ' અને 'ગુજરાત મિત્ર ' ખ્યાતી પામ્યું. રાજકોટમાંથી 'સૌરાષ્ટ્ર' નૂં જૂનાગઢમાંથી 'સૌરાષ્ટ્ર દર્પણ' એ સૌરાષ્ટ્ર નું પ્રથમ અખબાર હોવાનું માન ખાટી જાય છે. તો મુંબઈ થી 'વંદે માતરમ' અને અમદાવાદ થી 'ગુજરાત સમાચાર' , ' સંદેશ' , 'દિવ્ય-ભાસ્કર' જેવા અખબાર પત્રક શરૂ થયા હતા. આ પત્રો એ પત્રકારત્વના ક્ષેત્રે અમીટ છાપ છોડી છે. તેમજ ગુજરાતી પત્રકારત્વ ને નવી દિશા અને ઊંચાઈ બક્ષી છે.

## પાદનોંધ


1. પરીખ, નીતા, **'ભારતીય પત્રકારત્વનો પ્રારંભિક ઇતિહાસ'**, પૃ.9
2. દલાલ, યાસમીન, **'અખબારી ઇતિહાસ'**, પૃ.4
3. પરીખ, નીતા, **'ભારતીય પત્રકારત્વનો ઇતિહાસ'**, પૃ.11.
4. દલાલ, યાસમીન, **'મહાન પત્રકારો'**, પૃ.25
5. પૂર્વોક્ત, **'અખબારી ઇતિહાસ'**, પૃ.7
6. પટેલ, બી.એમ.,પટેલ મહેંન્દ્ર બી., **'પત્રકારત્વ ના પ્રવાહો, ભાગ:3'** પૃ.81
7. ડો.માર્શલ, રતન, **'ગુજરાતી પત્રકારત્વ નો ઇતિહાસ'**,પૃ.103
8. દલાલ, યાસમીન, **'મહાન પત્રકારો'**, પૃ.62
9. એજન, પૃ.70
10. પંડ્યા, વિષ્ણુ, **'પત્રકારાત્વની વિકાસ રેખા'**, પૃ.43
11. એજન, પૃ.63
12. દલાલ, યાસમીન, **'અખબારી ઇતિહાસ'**, પૃ.7
13. એજન, પૃ.36
14. એજન, પૃ.41
15. દલાલ, યાસમીન, **'મહાન પત્રકારો'**, પૃ.6
16. એજન પૃ.8
17. દલાલ, યાસમીન, **'અખબારી અવલોકન'**, પૃ.187


******